પર્વ ૭

યોગનું પર્વ

એકતાનો આનંદ, મૃત્યુના પૂર્વજ્ઞાન-જન્ય અગ્નિપરીક્ષા અને હૃદયનો શોક

પ્રારબ્ધે પોતાના પૂર્વદૃષ્ટ માર્ગનું અનુસરણ કર્યું. મનુષ્યની આશાઓ અને અભિલાષાઓ એના રથનાં ચક્ર છે ને એ નિર્માણના કલેવરને અજ્ઞાત લક્ષ્યે લઈ જાય છે. એનો જન્મ થાય છે માનવના ગૂઢ આત્મામાં. દેહના જીવનને પ્રકૃતિ આકાર આપતી હોય એવું લાગે છે, દેહી પ્રકૃતિનો હંકાર્યો હંકારાય છે, પ્રારબ્ધ અને પ્રકૃતિ એની પાસે એની સ્વતંત્ર કહેવાતી ઇચ્છા કરાવડાવે છે.

પરંતુ મહાન આત્માઓ આ સમતુલાને ઊલટસૂલટ કરી નાખવાને સમર્થ હોય છે. તેઓ આત્માને ભાગ્યનો શિલ્પકાર બનાવે છે. આપણા અજ્ઞાને છુપાવેલું આ એક ગૂઢ સત્ય છે: પ્રારબ્ધ આંતર શક્તિનો સંચારમાર્ગ છે, આપણી મોટી કસોટીઓ આત્માની પસંદગીની છે, આત્માનું આદેશેલું થવાવાળું હોય છે તે અવશ્ય થાય છે.

સાવિત્રી પાછી રથે બેઠી, અને એણે સત્યવાનની કુટીરનો માર્ગ ફરીથી લીધો. વચ્ચે આવતી પહાડીઓ, વનોપવનો, નદીનાળાંઓ, નગરો અને નાનાં ગામડાંઓ વટાવતી વટાવતી એ શાલ્વ દેશની સરહદ પરના તપોવનમાં આવી પહોંચી. મદ્રના મહેલો, રાજોચિત વૈભવો, પ્રિયજનોનાં પ્રેમલ સ્મિતો દૂર પાછળ મુકાયાં અને એમને સ્થાને હવે હતાં મહાવૃક્ષો, વેલો, કાનનકુંજો ને તેમની મધ્યે એક ઉઘાડમાં આવેલી સત્યવાનના કુટુંબની આશ્રમકુટીર. સાવિત્રીનાં સગાંવહાલાંઓએ અહીં અંધ રાજાને તથા રાણીને પોતાની પ્રિય સાવિત્રીનું વિધિપુરઃસર સમર્પણ કર્યું અને પોતે જેને માટે ગૌરવ લેતાં હતાં તે પોતાના પરમ પ્રેમપાત્રને એના ભાગ્યને આધીન કરી દુઃખિત હૃદયે વિદાય લીધી.

રાજસુખને પાછળ મૂકીને આવેલી સાવિત્રીએ વનવગડાના જીવનનો આનંદથી અંગીકાર કર્યો. સત્યવાનનું ને હવે તો પોતાનુંય જે બન્યું હતું તે સર્વને અપનાવી લઈ સત્યવાન સાથે એ હવે વનવાસમાં વિહરવા લાગી. મૃત્યુની છેક નજીક રહેલો એનો આનંદ અમોલો બની ગયો. પ્રેમ સાથે એ પ્રેમ માટે જ રહેવા લાગી. એનો આત્મા કાળની ત્વરિત ગતિ અવલોકતો હતો. પણ પ્રેમભાવની ને અજય્ય પ્રભાવની પ્રતિમા જેવી સાવિત્રીનો સંકલ્પ જેવો મધુર હતો તેવો જ મહાબલિષ્ઠ પણ હતો. એનામાં હતી દેવોની શાંતિની સાથે દુર્દાન્ત પ્રચંડતા.

આરંભમાં તો વનનાં મનોહર દૃશ્યો, વનવિહંગમોનાં મધુર કલરવગાનો, સ્તવનોનો સંભાર બની ગયેલો ગ્રીષ્મનો દેદીપ્યમાન દિવસ, મખમલ પર મણિસ્ફટિકો બિછાવ્યા હોય એવી રળિયામણી રાત્રિ, સવારથી સાંજ સુધી ને સાંજથી સવાર સુધી વિસ્તરેલું હર્ષ-પ્રહર્ષનું રાજ્ય હૃદયંગમ બની રહેતાં. આ હવામાં સત્યવાનનું સાન્નિધ્ય સાવિત્રીને મન સાતે સ્વર્ગોનું સામ્રાજ્ય બની જતું અને એની અનુપસ્થિતિ સ્મૃતિઓનું સ્વપ્ન.

એમને માટે પૃથ્વીના ને સ્વર્ગના આનંદો એકાકાર બની ગયા હતા: બે આત્માઓ એક બની જવા ઊમટયા હતા; બે દેહો એક જ જ્યોતિમાં જલતા હતા; પ્રેમની પ્રહર્ષણ ભરી એક જ જ્વાલા લહેરાતી આરોહતી હતી. પાર્થિવ સ્વર્ગમાં બે જીવનો એવાં તો ઓતપ્રોત થઈ ગયાં હતાં કે દુર્દૈવ અને દુ:ખશોક એમના ભભૂકતા ભાવ આગળથી પલાયન કરી ગયાં હતાં.

ગ્રીષ્મનો ઉત્સાહી ઉચ્છ્વાસ ઓસરી ગયો ને કાળાં વાદળાં લઈ વર્ષા આવી. વિદ્યુતો વિલસવા લાગી, ગડગડાટ ને ધડધડાટ થવા લાગ્યા, ઝંઝાઓ જોર-ઝપાટે ચડી ને ઝાપટાં ને ઝડીઓએ ઝપાટો મારવા માંડયો. શોકના સણસણાટોએ ભરી પરેશાન રાત્રિમાં આખા વિશ્વનો વિષાદ સાવિત્રી પાસે આવ્યો. નિશાંધકાર સાવિત્રીની આંખ સામે અમંગળ મુખ લઈ આવી ઊભો, ભયે એના મર્ત્ય હૃદયને ભીંસમાં લીધું.

નિષ્ઠુર ક્ષણો ઝડપભેર દોડી જતી હતી. સાવિત્રીના ભયભીત મનને નારદનાં વચનો યાદ આવતાં હતાં. નિશ્ચિત થયેલી તિથિ એના વિચારોને વ્યગ્ર બનાવતી હતી. હવે કેટલા દિવસ બાકી રહ્યા છે તેની એ ગણતરી કરતી રહેતી. ઘોર સંભાવના એનાં હૃદયનાં બારણાં ખટખટાવતી હતી; ઘટિકાઓનો પરદવ એને ભયાનક લાગતો હતો. સત્યવાનના સ્નિગ્ધ સાથમાં પોતે હોય ત્યારે તો શોક ક્યાંયે સરી જતો, પરંતુ સવારે ઊઠતાં વાર એ પણ ઊઠતો ને સામે આવી ઊભો થતો. જેમ જેમ એ પ્રેમમાં વધારે ઊંડે ઊતરતી ગઈ તેમ તેમ એ વેદના પણ વધતી ગઈ. એનો ગાઢમાં ગાઢ શોક ગહનમાં ગહન માધુર્યમાંથી ઉદ્ભવતો હતો. પ્રેમાનંદના એના પાતળા પુસ્તકમાંથી રોજ એક સોનેરી પાનું ફડાતું જતું હતું.

પરંતુ સાવિત્રી પોતાના હૃદયને કોરી ખાતા દુ:ખશોકને ભીતરમાં જ છુપાવી રાખતી. આસપાસનાં સ્નેહીજનોમાંથી કોઈનેય એના અંતરની વેદનાની ગંધ ન આવે એવી રીતે એ બોલતી, ચાલતી ને વર્તતી. એનો નિત્યનો વ્યવહાર હતો તેવો ને તેવો જ મીઠો ને મનોહર રહેતો, એવી ને એવી જ શાંતિ એના મુખ ઉપર પથરાયેલી રહેતી.

પણ આ બધું માત્ર ઢાંકપિછોડો હતું. ઊંડા આત્માની નિશ્ચલતા માટે એ નજર નાખતી પણ એ નીરવ આત્મસત્તા હજુ અવગુંઠિત હતી. જીવનના નાટકના ગૂઢ દ્રષ્ટા પુરુષની થોડી ઝાંખી થઈ જતી પરંતુ એનું સાન્નિધ્ય હજી પ્રકટ થયું નહોતું.

ઘોર પરિસ્થિતિનો પ્રતીકાર કરવા માટે એનું તીવ્રભાવી હૃદય અને આવેગવંત સંકલ્પ આગે ધકેલાતાં પણ તેમની પાસે બચાવવાનાં સાધન ને માર્ગ હતાં નહિ. એમને એ કાબૂમાં રાખતી 'તી ને બહાર કશું બતલાવતી નહોતી; ને તેમાંય સત્યવાનને તો એનો આછો અણસારોય ન આવે એની ખાસ સંભાળ રાખતી.

સાદર સેવાતી રાજકુમારી સર્વની સેવિકા બની રહી. એ ઝાડુ વાળતી, કૂવે જઈ પાણીનાં બેઢાં ભરી લાવતી, યજ્ઞકુંડનો અગ્નિ સમિધથી સળગાવી આપતી, રાંધતી, જમાડતી, વાસણકૂસણ ધોતી : એક અબળા કરી શકે તે બધુંયે કરતી ને એ જે કંઈ કરતી તેમાં એની દિવ્યતા પ્રકાશી ઊઠતી. સર્વેની ઉપર એનો પ્રેમ હતો, સર્વેને એ સ્વર્ગના સોનેરી સૂત્રથી પરસ્પર બાંધી રાખતી ને એકતાનો અનુભવ કરાવતી.

સાવિત્રીનો આત્મા પ્રેમનો પાવક બની ગયો હતો. એક સજીવ સાગરની માફક એ પોતાના પ્રેમીને વીંટળાઈ વળ્યો. એમનાં આલિંગનો અમર બની ગયાં. સત્યવાનને ચરણે સાવિત્રીના અધરોષ્ઠ આસક્ત થઈને રહી જતા. સત્યવાનને હૃદયથી ક્ષણેય અળગો કરવા એ ઇચ્છતી નહોતી. કાળની કંગાલતા એને સાલતી હતી, તેથી એક પળને એ અકાળનો આવાસ બનાવી દેવાની આકાંક્ષા રાખતી હતી. પોતાના આખા આત્માને સત્યવાનના આત્મામાં એકાંત બંદી બનાવી દેવાની એ આસ્પૃહા રાખતી હતી. એ જાણે પોકારીને કહેવા માગતી ન હોય તેમ મનોમન બોલતી : "ઓ સુકોમળ સત્યવાન! મારા આત્માના પ્રેમી! આપ, આપ, વધારે આપ, તું જેને ચાહે છે તેને આપ, આપવા સમર્થ છે ત્યાં સુધી આપ; મારી એકે એક શિરામાં મુદ્રિત થઈ જા. કાળચક્રમાં આપણે અચિર છૂટાં પડીશું ને કોણ જાણે પાછાં ક્યારે મળીશું. સાવિત્રીનો પ્રેમ સત્યવાનને કશીય ખબર ન પડે તેની સાવચેતી તો રાખતો હતો, છતાંય અંતરના ઐક્યને લીધે એને અડધીપડધી જાણે ખબર પડી જતી, ને તેથી સાવિત્રીને સુખ આપવા માટે તે પોતાના અનિવાર્ય કાર્યક્રમ-માંથીય બચાવી બચાવીને તે બધો સમય એને માટે જ રાખતો, અને મધુર મૃદુલ હૃદયંગમ વહાલનાં વચનોથી ને પ્રેમના પ્રાચુર્યથી એનું સમારાધન કરતો રહેતો. આ બધુંય હોવા છતાં સાવિત્રીના હૃદયની જે અગાધ ઊંડી આવશ્યકતા હતી તેને માટે એ બધુંય આપર્યાપ્ત જ નીવડતું.

સત્યવાનના સાન્નિધ્યમાં સાવિત્રી થોડીવાર પોતાની હૃદયવ્યથાને ભૂલી તો જતી હતી, પરંતુ એની ગેરહાજરીમાં પાછો એનો પીડાજનક સ્પર્શ શરૂ થઈ જતો. એની આંખ સામે તરત જ એના આગામી દિવસોનું વેરાન આવી ઊભું થતું, ને એનું એકાંત એનાથી ભરાઈ જતું. કલ્પનામાં ને કલ્પનામાં પોતે ચિતાપ્રવેશ કરી પતિનું અનુગમન કરવાનાં ને પરલોકમાં એને સહવાસ સમર્પવાનાં સ્વપ્નાં સેવતી, પરંતુ શોકથી સિઝાતાં સત્યવાનનાં માબાપને એની જરૂર પડશે, એ વિચારે એની કલ્પના અટકી પડતી. વળી કોઈ કોઈ વાર યુગોની મહાવ્યથા નિષ્કર્ષ રૂપે પોતાની

વેદનામાં એકત્ર થયેલી એ અનુભવતી ને પોતે યંત્રણામાં પડેલા જગતનું કેન્દ્ર બની જતી. એણે પોતાના આત્મામાં પ્રેમનું મંદિર બનાવ્યું હતું ને ત્યાં ગુપ્ત દેવતાઓને એ પોતાના શોકસંતાપનો ધૂપ સમર્પતી ને જીવનની વેદિમાં પોતે જ પુરોહિત બની પોતાની જાત બલિદાનમાં હોમતી હતી.

છતાં સત્યવાન અને સાવિત્રી ઉભય એકબીજામાં એવાં તો વધતાં જતાં હતાં કે દેહની દીવાલો આડ ઊભી કરી શકતી નહિ, અને કોઈ પણ શક્તિ એમને વિખૂટાં પાડવાને શક્તિમાન નથી એવું લાગતું. સાવિત્રી ઘેર હોવા છતાંય વનમાં વિચરતો સત્યવાન ત્યાં શું શું કરી રહ્યો છે તે પ્રત્યક્ષ કરતી અને એનો સચેત આત્મા સત્યવાનના સાથમાં સંચાર કરતો અનુભવતી.

નિત્ય નિત્ય એના પ્રેમનો મહિમા પ્રમાણમાં વધતો જ જતો હતો. એનું આખુંયે જીવન, એની આખીયે પૃથ્વી ને એનું આખુંયે સ્વર્ગ પ્રેમ બની ગયો હતો. જીવનમાંથી જન્મેલો પ્રેમ એમ તો હતો કાળનું બાળક, છતાંય માર્યા મરાય નહિ એવા દેવો જેવા અમર બની એ પગલાં ભરતો હતો.

સાવિત્રીનો આત્મા દિવ્ય બળમાં અમાપ વિસ્તાર પામ્યો. કાળના ને વિધાતાના ઘણના ઘા ઝીલવા માટે એણે એરણનું રૂપ લીધું. શોકનો વિલાસ છોડી હવે એ શાંત અને સુદૃઢ બની ગયો અને પોતાના જબરજસ્ત જુદ્ધના જે આવે તે પરિણામની, મૃત્યુ અને અશ્રુ પર એને વિજયવંત બનાવી દે એવા કોઈ કૃત્યની રાહ જોવા લાગ્યો.

વરસ હવે બદલાવાની કિનાર પર આવી અટક્યું. તોફાનોએ પાંખો વીંઝવાનું બંધ કર્યું; ગડગડાટોનો ઘોર શોર શમી ગયો; મેઘમંડળમહીંથી માત્ર મંદ મંદ મૃદંગના ધ્વનિ આવતો હતો; ગમગીન હવામાં ટપકતો ટપકતો વરસાદ વિદાય લેતો હતો. ધીરે ધીરે પસાર થઈ જતાં ભૂરાં વાદળાંથી ભૂમિ ઘેરાયેલી હતી, ને સાવિત્રીના હૃદયાકાશમાંય એવાં જ શોકવાદળાં છાયાં હતાં. એનો પ્રશાંત ને નિસ્પંદ આત્મા સૂર્યની માફક પાછળ છુપાયેલો હતો, પણ હજુ તે પ્રકાશ આપતો નહોતો. વિસ્મૃત શિખરો ઉપરથી કોઈ અવાજ નીચે ઊતરી આવતો નહોતો. કેવળ ચિંતાનિમગ્ન દુઃખની એકાંતતામાંથી સાવિત્રીનું હૃદય દેહના દૈવ સાથે સંભાષણ કરતું હતું.